## (1) નીચેના વિધાનોમાંથી સાચા વિધાનો પસંદ કરો.

(i) કોરોના વાયરસના પરીક્ષણ માટે ખાનગી લેબરોરેટરીને મંજૂરી આપવામાં નહીં આવે.

(ii) ભારતમાં આ પરીક્ષણનો ખર્ચ આશરે રૂ. 9000થી રૂ. 12,000 જેટલો છે.

(iii) ભારતમાં કોરોના વાયરસના પરીક્ષણ માટેની પદ્ધતિના ધોરણો (Standard of Procedure) વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા આપવામાં આવે છે. આ ધોરણો દરેક લેબોરેટરીએ અનુસરવા પડે છે.

(A) માત્ર 1 (B) માત્ર 3 (C) 1, 2 અને 3 (D) માત્ર 2

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારત સરકારે 51 જેટલી ખાનગી લેબોરેટરીને કોરોના વાયરસના પરીક્ષણ માટેની મંજૂરી આપવાની વાત કરી છે. આ પરીક્ષણ માટેનો ખર્ચ રૂ. 9000થી રૂ. 12,000 જેટલો છે. (આથી વિધાન (ii) સાચું છે જ્યારે વિધાન (i) ખોટું છે.)

⇛ આ 51 લેબોરેટરીઓને NABL નામની સંસ્થા દ્વારા પરીક્ષણ માટેની ઓથોરિટી આપવામાં આવશે. NABLનું પૂરું નામ National Accreditation Board for Testing and Calibration Laboratories છે.

⇛ ICMRની હાલ કુલ 72 જેટલી લેબ કોરોના વાયરસનું પરીક્ષણ કરી રહી છે. ICMRનું પૂરું નામ Indian Council of Medical Reseach છે.

⇛ ICMR દ્વારા જ કોરોના વાયરસના પરીક્ષણ માટેની પદ્ધતિના ધોરણો નક્કી કરવામાં આવે છે, જે ભારતની દરેક લેબને અનુસરવા પડે છે. (આથી, વિધાન (ii) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) NCS (National Career Service) વિશે નીચેનામાંથી સાચા વિધાનો પસંદ કરો.

(i) આ પ્રોજેક્ટ માનવ સંસાધન વિકાસ અંતર્ગત આવે છે.

(ii) વર્ષ 2004માં ભારતના રાષ્ટ્રપતિ શ્રી એ. પી. જે. અબ્દુલ કલામ દ્વારા આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો.

(iii) આ પોર્ટલ રોજગારી શોધતા અને રોજગારી આપનારા લોકો વચ્ચેનું અંતર દૂર કરવા માટે કાર્ય કરે છે.

(A) માત્ર 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 1 અને 3 (D) માત્ર 2 અને 3

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 20 જુલાઈ, 2015ના રોજ પાંચ વર્ષના 'મિશન મોડ' પ્રોજેક્ટ તરીકે NCS (National Career Service) લોંચ કરવામાં આવેલ છે. (આથી વિધાન (ii) ખોટું છે.)

⇛ આ પ્રોજેક્ટ શ્રમ અને રોજગાર મંત્રાલય અંતર્ગત આવે છે તથા તેનુ અમલીકરણ 'ડાયરેક્ટર જનરલ ઓફ એમ્પ્લોટમેન્ટ' દ્વારા કરવામાં આવે છે. (આથી વિધાન (i) ખોટું છે.)

⇛ ભારતમાં રોજગારીની તકો શોધતા લોકો અને રોજગાર આપનાર લોકો વચ્ચેનું અંતર આ પોર્ટલ દ્વારા દૂર કરવામાં આવશે. (આથી, વિધાન (iii) સાચું છે.)

⇛ ઉપરાંત પોર્ટલ દ્વારા તાલીમ કે સલાહ–સમજૂતિ મેળવવા ઈચ્છનાર વ્યક્તિનો તાલીમ કેન્દ્ર સાથે સંપર્ક કરાવવામાં આવશે.

⇛ આ પોર્ટલમાં રોજગાર શોધનાર, રોજગાર આપનાર, તાલીમ આપનાર, કેરીઅર કાઉન્સેલર, કેરીઅર કેન્દ્રો, પ્લેસમેન્ટ આપનાર સંસ્થાઓ તથા સરકારી વિભાગો પોતાની નોંધણી કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) નીચેનામાંથી કઈ સંસ્થા દ્વારા 'હેમોસ્ટેટ' (Hemostat) મટીરીયલ બનાવવામાં આવ્યું છે. કે જે ઈજા સમયે શરીરમાંથી વહેતા લોહીને અટકાવવા ઉપયોગી બનશે ?**

(A) તાતા ઈન્સ્ટિટયૂટ ફોર મેડીકલ રિસર્ચ

(B) ઈન્સ્ટિટયૂટ ઓફ નેનો સાયન્સ એન્ડ ટેક્નોલોજી

(C) એઈમ્સ, દિલ્હી

(D) ઈસરો

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઈન્સ્ટિટયૂટ ઓફ નેનો સાયન્સ એન્ડ ટેક્નોલોજી (INST) સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા સ્ટાર્ચ આધારીત 'હેમોસ્ટેટ' (Hemostat) મટીરીયલ બનાવવામાં આવ્યું છે.

⇛ આ મટીરીયલ ઈજા સમયે જ્યારે લોહી નીકળે ત્યારે કુદરતી રીતે રૂઝ આવવાની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવશે. આ માટે તે ભૌતિક રીતે વધારાના પ્રવાહીનું ગ્રહણ કરશે જેથી લોહી વધુ પ્રમાણમાં વહેશે નહીં.

⇛ આ મટીરીયલ 'કેલ્શિયમ–મોડીફાઈડ કાર્બોક્સિમિથાઈલ–સ્ટાર્ચ' નામના 'માઈક્રોપાર્ટીકલ'ની મદદથી બનાવવામાં આવ્યું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) કોરોના વાયરસના ગંભીર કેસ માટે કયા રોગ વિરુદ્ધની દવાનો ઉપયોગ કરવાની મંજૂરી તાજેતરમાં આરોગ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવી છે ?**

(A) અસ્થમા

(B) HIV

(C) પોલિયો

(D) ક્ષય રોગ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા 'Clinical Management of COVID-19' માટેની ગાઈડલાઈન્સ અપડેટ કરવામાં આવી છે.

⇛ મંત્રાલય દ્વારા કોરોના વાયરસના ગંભીર કેસ તથા 60 વર્ષથી ઉપરના દર્દીની સારવાર માટે Lopinavir અને Ritonavir દવાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ બન્ને દવાઓનો ઉપયોગ HIVના ચેપના નિયંત્રણ માટે કરવામાં આવે છે.

⇛ આ દવા વાપરવાની ભલામણ એઈમ્સના ડોકટર્સ, WHOના તજજ્ઞો અને NCDCના તજજ્ઞો દ્વારા કરવામાં આવી છે. NCDCનું પૂરું નામ National Centre for Disease Control છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## (5) 'બોકો હરામ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(i) તે યેમેનમાં સ્વતંત્રતા મેળવવા માટે સરકાર સમક્ષ લડતો ઉગ્ર લોકોનો સમૂહ છે.

(ii) વર્ષ 2015માં આ સમૂહે ISISનો સાથ આપવાનો નિર્ણય કર્યો હતો.

(iii) આ સમૂહે 'ઈસ્લામીક સ્ટેટ વેસ્ટ આફ્રિકન પ્રોવિન્સ' નામ પણ પોતાને આપેલું છે.

(A) માત્ર 3 (B) માત્ર 1 (C) માત્ર 2 અને 3 (D) આપેલ તમામ

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ બોકો હરામ ઉત્તર નાઈજેરિઆમાં કાર્ય કરતો ઉગ્ર લોકોનો સમૂહ છે કે જેણે હજારો લોકોને માર્યા છે. (આથી, વિધાન (i) ખોટું છે.)

⇒ આ સમૂહની સ્થાપના વર્ષ 2002માં થઈ હતી તથા 'બોકો હરામ'નો અર્થ 'પશ્ચિમી શિક્ષણ માટેની નામંજૂરી' એવો થાય છે.

⇒ વર્ષ 2015માં આ સમૂહે ISIS તરફ વફાદાર રહેવાનું તથા તેનો સાથ આપવાનું ધ્યેય નિશ્ચિત કર્યું હતું. આ માટે તેણે પોતાનું એક નામ, 'ઈસ્લામીક સ્ટેટ વેસ્ટ આફ્રિકન પ્રોવિન્સ', અથવા 'ઈસ્લામીક સ્ટેટ ઈન વેસ્ટ આફ્રિકા પણ રાખ્યું હતું. (આથી, વિધાન (ii) તથા (iii) સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®